minePRO COMMUNICATIONS

RUNWAL

| | |
|---|---|
| Publication:- Mid-Day (Gujarati) | Date:- 17.06.14 |
| Edition:- Mumbai | Page No:- 05 |
| Coverage Size: - 520 | Ad Rate:- 275 |
| Ad Value: - 143000 | |



# થૅન્ક ગૉડ, મારાં બાળકોમાં મારા જેવી આદતો નથી

શાહરુખ ખાન કહે છે કે મારાં સંતાનો મારા કરતાં બહેતર હ્યુમન બીઇંગ છે

શાહરુખ ખાને ઇચ્છા જાહેર કરી છે કે તેનાં બાળકો તેમની હેલ્થ અને ખુશી સાથે કોઈ પણ જાતનું કૉમ્પ્રોમાઇઝ કર્યા વગર જીવનમાં જે બનવા માગતાં હોય એ બને. શાહરુખ કહે છે કે તેઓ સારાં બાળકો છે અને તે એ વાતે ખુશ છે કે તેઓ તેના કરતાં વધુ સારાં હ્યુમન બીઇંગ છે.

શાહરુખ અને ગૌરી ખાનને ૧૭ વર્ષનો આર્યન, ૧૪ વર્ષની સુહાના અને જલદી જ એક વર્ષનો થનારો સરોગેટ પુત્ર અબરામ એમ ત્રણ સંતાનો છે.

શાહરુખ ખાન રવિવારે ફાધર્સ ડે નિમિત્તે ઘાટકોપરના આરસિટી મૉલમાં બાળકોને મોટાઓના રોલ-પ્લે કરાવતા થીમ-પાર્ક કિડ્ઝેનિયામાં આવેલો. આ થીમ-પાર્કમાં તે પાર્ટનર પણ છે. ત્યાં ભેગાં થયેલાં બાળકોને તેણે કહ્યું હતું કે ‘હું મારાં બાળકોને ઍક્ટર, એન્જિનિયર વગેરે બનવાનું નથી કહેતો. તેમને જે બનવું હોય એ બને. બસ તેઓ તંદુરસ્ત અને ખુશ રહેવાં જાઈએ.’

મારા એકેય સંતાનમાં મારા જેવી આદતો નથી અને એ બદલ હું ભગવાનનો આભાર માનું છું એમ જણાવતાં શાહરુખે કહ્યું હતું કે સુહાના, અબરામ અને મારામાં એક જ સામ્ય છે અને એ છે અમારા ગાલ પર પડતું ડિમ્પલ.



રવિવારે આરસિટી મૉલમાં કિડ્ઝેનિયામાં ધમાલ-મસ્તી કરતો શાહરુખ ખાન.

તસવીરો : યોગેન શાહ

306, The Summit, Western Express Highway, Hanuman Road, Vile Parle (e), Mumbai 400 057, India. +91 22 2626 2089